# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/090 Dt. 05/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ધ અનસ્પોકન એજ: તમારી હાજરીને બોડી લેંગ્વેજથી રૂપાંતરિત કરો' વિષય પર સેશન યોજાયું

**બોડી લેંગ્વેજના યોગ્ય ઉપયોગથી વ્યકિતગત જીવન, પ્રોફેશનલ વ્યવહાર અને નેતૃત્વ ક્ષમતાઓમાં પણ નોંધપાત્ર સુધારો લાવી શકાય તેમ છે : લાઇફ મેનેજમેન્ટ કોચ શ્રી શિતલ ગોસાઇ**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૩૦ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'ધ અનસ્પોકન એજ: તમારી હાજરીને બોડી લેંગ્વેજથી રૂપાંતરિત કરો' વિષય પર સેશન યોજાયું હતું, જેમાં લાઇફ મેનેજમેન્ટ કોચ શ્રી શિતલ ગોસાઇએ બોડી લેંગ્વેજ દ્વારા વ્યક્તિની હાજરીમાં અને પ્રભાવશક્તિમાં કેવી રીતે સુધારો લાવવો તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના વ્યવસાયિક અને વ્યકિતગત જીવનમાં માત્ર તમારા શબ્દો નહીં, પરંતુ તમારી હાજરી, બોડી લેંગ્વેજ અને વ્યક્તિત્વ પણ એટલા જ મહત્વના છે. આવા સત્રો દ્વારા ચેમ્બરનો હેતુ સભ્યોને વ્યકિતગત વિકાસ માટે પણ નવી દિશાઓ પ્રદાન કરવાનો છે.

લાઇફ મેનેજમેન્ટ કોચ શ્રી શિતલ ગોસાઇએ જણાવ્યું હતું કે, બોડી લેંગ્વેજ એ એવી કળા છે કે જે શબ્દો બોલ્યા વગર પણ તમારી લાગણીઓ, આત્મવિશ્વાસ અને નિર્ધારને વ્યકત કરે છે. બિઝનેસ મિટીંગ હોય કે જાહેર વકતવ્ય, તમારા હાવભાવ અને પોશ્ચર સામેની વ્યકિતના મનમાં તમારી ઊંડી છાપ છોડે છે. દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે તે પોતાની અશાબ્દિક સંખ્યાઓ પર ધ્યાન આપે અને તેને ડેવલપ કરે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,

બોડી લેંગ્વેજના યોગ્ય ઉપયોગથી વ્યકિતગત જીવન, પ્રોફેશનલ વ્યવહાર અને નેતૃત્વ ક્ષમતાઓમાં પણ નોંધપાત્ર સુધારો લાવી શકાય તેમ છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુકલ અને સભ્યો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના કો–ચેરમેન ડો. ધર્મેન્દ્ર શેઠે સમગ્ર સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના કો–ચેરમેન ડો. નિકેત શાસ્ત્રીએ વકતાનો પરિચય આપ્યો હતો.

આ સેશન દરમિયાન ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોએ બિઝનેસ તથા જીવનમાં બોડી લેંગ્વેજના મહત્વ વિશે પ્રશ્નો પુછી સેશનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.